જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૩/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી ૩૩૭ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૨ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠલ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૪૯૧/૧૬**

**શહેરકોટડા** : દિવ્યાબહેન ભીખાજી ઠાકોર(ઉ.વ.૧૭)(રહે.ઠાકોરવાસ, સરસપુર) ને તા.૧૦/૩/૧૬ નારોજ ઘર નજીક રહેતો આરોપી સુનિલ ઉર્ફે સોનું જયદિપસિંહ ઠાકોર ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાનાં ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ દિવ્યાબહેનનાં પિતા ભીખાજી ઠાકોરે તા.૧૪/૩/૧૬ નાં રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ચૌધરી ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૪૯૨/૧૬**

**ક્રાઇમબ્રાન્ચ** : પ્રકાશ દત્તાત્રેય ચંપ્રાત્રેય (ઉ.વ.૫૭)(રહે, શ્રી ક્રીષ્ણા એપાર્ટમેન્ટ, ઈંડિયન બેંક ઓફીસર્સ ફ્લેટ, બોડકદેવ) એ તા.૧૪/૩/૧૬ નાં રોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧/૧૬ થી તા.૫/૩/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) નાનીગોપાલ નારાયણચન્દ દાસ (૨) હરેશ લક્ષ્મીદાસ પટેલ (બંને રહે, સાઈ પુજન રેસીડંન્સી, સાઈબાબા મંદીર પાસે, કોસાડ રોડ, સુરત) (૩)હરીલાલ અમ્રુતલાલ મકાણી (રહે,દેસાઈ કમ્પાઉન્ડ, હરીદર્શન એપાર્ટમેંન્ટ, ગણદેવીજી,નવસારી) (૪)રજનીકાંત હરગોવિન્દ સિનોર(રહે, બંસીધર એપાર્ટમેંન્ટ, લીમડા ચોક, જલાલપોર, જી. નવસારી) ભેગામળી ગુનાહિત કાવત્રુ રચી, બેંકે ફાળવેલ એ.ટી.એમ.કાર્ડનો દુરપયોગ કરી, સુરત-વાપી-મુંબઇ તેમજ ચેન્નઇ વિગેરે જગ્યાએ આવેલાં જુદા-જુદા બી.એન.એ. મશીનનો કુલ ૧૪૬ વખત ઉપયોગ કરી યુક્તિ-પ્રયુક્તિ વાપરી, કુલ રૂપિયા ૩૧,૯૩,૫૦૦/- ઉપાડી લઇ બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી કે.આઇ.મોદી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૩/૧૬</u>**

**વસ્ત્રાપુર** : પીન્કુબહેન દેવાંગભાઇ શાહ (રહે.રવિનિકેતન એપાર્ટમેન્ટ, ચીનમય ટાવર સામે, વસ્ત્રાપુર તળાવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૩/૧૬ સાંજનાં ૫/૩૦ થી રાતનાં ૮/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાની બુટ્ટી નંગ-૦૨ ત્રણ કાંડા ઘડિયાળ અને રોકડ રૂપિયા ૩૩,૫૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/-મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૯૪/૧૬**

**આનંદનગરઃ** ગૌરાંગકુમાર મનીષભાઈ પટેલ (રહે.આકાશ-૩ ફ્લેટ, એ.ઇ.સી.ચાર રસ્તા, નારણપુરા) એ તા.૪/૩/૧૬ બપોરનાં ૨/૩૦ વાગે આનંદનગર વાય.એમ.સી.ક્લબ પાસે, મહાકાળી મંદિર સામે પોતાનું રૉયલ ઇંફીલ્ડ બુલેટ નંબર જીજે.૧.ઇ.યુ. ૩૮૧૫ કિંમત રૂપિયા ૯૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી ૧૦ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ ગૌરાંગકુમાર પટેલે તા.૧૪/૩/૧૬ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી બી રાણા ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૫/૧૬</u>**

**રીવરફ્રંટ વેસ્ટઃ** રાકેશ ઉર્ફે બાદશાહ જેસીંગભાઈ ચાવડા (ઉ.વ.૨૫) (રહે.મલાવ તળાવ, ચામુંડા નગરની શેરી નંબર-૨, જીવરામ મહેતા દવાખાનાની બાજુમાં) કોઇ અગમ્ય કારણસર તા.૧૪/૩/૧૬ રાતનાં ૦૦/૨૧ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદિનાં પશ્ચીમ કિનારે, આંબેડકર બ્રીજ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ પોપટસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)